ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૭ ડીગ્રી
લઘુતમ : ૨૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૦ ટકા

# રવિવારે શ્રાદ્ધમાં સર્વપિતૃ મોક્ષ અમાસનો યોગ

## જેઓને મૃત્યુ તિથિ જાણ ન હોય અને જેમનું શ્રાદ્ધ કરવાનું ભૂલી ગયા હોય તેમના માટે અમાસના દિવસે ધૂપ-ધ્યાન કરવાનું મહત્વ



### સર્વપિતૃ મોક્ષ અમાસનું મહત્ત્વ

ઉજ્જૈનના જ્યોતિષાચાર્ય પં. મનીષ શર્માના જણાવ્યા પ્રમાણે રવિવાર અને અમાસનો યોગ હોવાથી તેનું મહત્ત્વ વધી ગયું છે. સૂર્યદેવની પૂજા સાથે જ દિવસની શરૂઆત કરવી જોઈએ. બપોરે પિતૃઓ માટે ધૂપ-ધ્યાન કરવું જોઈએ.

રવિવાર, ૨૫ સપ્ટેમ્બરે પિતૃ પક્ષની અમાસ તિથિ છે. આ દિવસે ભાદરવા મહિનાનું વદ પક્ષ પૂર્ણ થઈ જશે. આ દિવસને સર્વપિતૃ અમાસ કહેવામાં આવે છે. આ દિવસે કરવામાં આવતું પિંડદાન, શ્રાદ્ધ, તર્પણ અને ધૂપ-ધ્યાનથી પિતૃ દેવતાઓના તૃપ્તિ મળે છે. આ કારણે અમાસ તિથિએ પિતૃઓ માટે ઘરમાં ધૂપ-ધ્યાન ચોક્કસ કરવું જોઈએ.પિતૃ પક્ષના છેલ્લાં બે દિવસ ખાસ હોય છે. કેમ કે ચૌદશ તિથિએ તે લોકોનું શ્રાદ્ધ થાય છે જેમનું મૃત્યુ કોઈ દુર્ઘટના, ઝેર ખાઈને, હથિયારથી, પાણીમાં ડૂબવાથી અથવા આત્મહત્યા કરવાથી થયું હોય. તે બધા જ પિતૃઓનું શ્રાદ્ધ અમાસ તિથિએ કરવાનું વિધાન છે. જેને સર્વપિતૃ મોક્ષ અમાસ પણ કહેવામાં આવે છે. જેમાં ૨૪ તારીખ, શનિવારે ચૌદશ અને ૨૫ સપ્ટેમ્બર, રવિવારે સર્વપિતૃ અમાસનું શ્રાદ્ધ કરવાનું વિધાન છે.

### પિતૃપક્ષની અમાસ સાથે જોડાયેલી પરંપરાઃ

આ વખતે પિતૃ પક્ષની છેલ્લી તિથિ ૨૫ સપ્ટેમ્બર છે. આ દિવસે ઘર-પરિવાર સાથે જ આખા કુટુંબના મૃત સભ્યો માટે શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. જે લોકોની મૃત્યુ તિથિ જાણ ન હોય, તેમના માટે સર્વપિતૃ મોક્ષ અમાસના દિવસે ધૂપ-ધ્યાન વગેરે કરવું જોઈએ. જો આ વખતે પિતૃ પક્ષમાં કોઈ મૃત સભ્ય માટે ધૂપ-ધ્યાન, પિંડદાન વગેરે કરવાનું ભૂલી ગયા છો તો તેમના માટે પણ અમાસના દિવસે આ કર્મ કરવું જોઈએ. અમાસના દિવસે ખીર-પુરી, શાકભાજી બનાવો અને સળગતા છાણા ઉપર ગોળ-ઘી સાથે અર્પણ કરો. આ પ્રકારે ધૂપ આપતી સમયે પિતૃઓનું ધ્યાન કરવું જોઈએ. ધૂપ આપ્યા પછી ગાય, કૂતરા અને કાગડા માટે ઘરની બહાર ભોજન રાખો. કીડીઓ માટે ઘરની બહાર ખાંડ રાખો. જો ઘરની આસપાસ તળાવ હોય તો માછલીઓને લોટની ગોળી બનાવીને ખવડાવો જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવવું. અનાજ, બૂટ-ચપ્પલ, કપડા અને ધનનું દાન કરો. હવે ઠંડીનો સમય શરૂ થશે તો ધાબળાનું દાન પણ કરો ગૌશાળામાં ગાયની દેખરેખ માટે દાન-પુણ્ય કરો.



# બીએસએફ હેડ કોન્સ્ટેબલના દીકરાએ એનડીએની પરીક્ષામાં મેદાન માર્યુ

ગાંધીનગર, તા.૨૩

તાજેતરમાં જ સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર તરીકે જોડાવા માટે લેવામાં આવતી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા એન.ડી.એ(નેશનલ ડિફેન્સ એકેડમી)નું પરિણામ યુ.પી.એસ.સીએ એમની ઓફિસિયલ વેબસાઈટ ઉપર જાહેર કર્યું હતું. જેમાં ગાંધીનગરના વિદ્યાર્થી આદિત્ય પાંડેએ મેદાન મારી સફળતા હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે ગત સપ્ટેમ્બર માસની ૪ તારીખે આ પરીક્ષા ભારતભરમાં વિવિધ રાજયોના અંદાજિત ૪૧ શહેરોના એકાધિક પરીક્ષા મથકો ઉપર આયોજિત કરવામાં આવેલ હતી. એન.ડી.એ પરીક્ષા પુના, ખડકવાસલા સ્થિત નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ માટેની પરીક્ષા છે જે દર વર્ષે બે વાર લેવામાં આવે છે.જે વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર તરીકે જોડાવા માંગે છે એમના માટે આ ઉત્તીર્ણ કરવી એકમાત્ર લક્ષ્ય હોય છે.આ પરીક્ષામાં ભારતભરમાંથી અંદાજિત સાડા ચાર લાખ વિધાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો. જેમાં થી ગાંધીનગરના આદિત્યએ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગાંધીનગર તેમજ ગુજરાતભરમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આદિત્યએ ધોરણ ૧૨નો અભ્યાસ કેન્દ્રીય વિદ્યાલય, રાજકોટથી પૂર્ણ કરેલ છે તથા એણે આ પરીક્ષા માટે ધોરણ ૧૨થી જ તૈયારી ચાલુ કરી દીધેલ હતી. એ માટે એમને ગુજરાતની વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માટે પ્રોત્સાહન પૂરુ પાડતી અને એમને વિવિધ સંરક્ષણ ક્ષેત્રની પરીક્ષાઓ માટે તૈયાર કરતી અગ્રણી શૈક્ષણિક સંસ્થા ડિફેન્સ યુનિકોર્નમાં જોડાઈ પૂરતું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ડિફેન્સ યુનિકોર્ન સાથે માર્ગદર્શક તરીકે કાર્યરત શ્રી હાર્દિક પરીખના જણાવ્યા મુજબ આદિત્યના પિતા બી.એસ.એફમાં હેડ કોન્સ્ટેબલ છે અને આદિત્યનું સપનું પણ ઈંડિયન આર્મીના ઓફિસર બનવાનું છે અને એના માટે એને પહેલેથી જ એન.ડી.એને ધ્યેય બનાવી તૈયારી ચાલુ કરી હતી.



આ જ ઉપલક્ષ્યમાં ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાના યુનિટ હેડ હિતેન્દ્રસિંહ સાથે વાત કરતાં એમને જણાવ્યુ હતું કે "અમને બહુ ખુશી થાય છે કે ડિફેન્સ યુનિકોર્નમાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓ હવે સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર તરીકે કરિયર બનાવી રહ્યા છે. માત્ર ગાંધીનગર જિલ્લો જ નહિ પણ અન્ય જિલ્લાના ગુજરાતી મીડિયમના વિદ્યાર્થીઓએ પણ આ પરીક્ષા ઉત્તીર્ણ કરી ગુજરાતનું નામ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધાર્યું છે".

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાંથી સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૨ના ૧૫૧ વિદ્યાર્થીઓએ અમરનાથ સ્થળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓમાં સહભાવના કેળવાય અને ધાર્મિક સ્થળ, પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી વિશે માહિતીગાર થાય તે હેતુસર આ પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. બધા જ વિદ્યાર્થીઓ અમરનાથના ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કર્યા અને ગુફામાંથી પસાર થવાની મજા માણી પછી બધા જ વિદ્યાર્થીઓએ વન ભોજનનો આનંદ વિદ્યાર્થીઓએ જુદી જુદી રાઈડર્સ જેવી કે ટ્રેન, બ્રેક ડાન્સ, ટોરાટોરા, જમ્પિંગ વગેરેમાં બેસીને ખૂબ મજા કરી હતી. શૈક્ષણિક હેતુસર અમરનાથ મુલાકાતમાં નિરવભાઈ પટેલ, નીતાબેન પટેલ, નિમિષાબેન પટેલ, હેતલબેન પટેલ વગેરે શિક્ષકો જોડાયા હતા.

## શ્રીકેત ત્રિવેદી સહકન્વીનર નિમાયા

ગાંધીનગર, તા.૨૩

પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી ના આશીર્વાદથી તા.૨૨/૦૯/૨૦૨૨ ગુરુવારના રોજ વિશ્વ ગુજરાતી સમાજ જેના મુખ્ય સંવર્ધક ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ છે એમા શ્રી શ્રીકેત સાત્વિકભાઈ ત્રિવેદીને યુવા સંગઠન-યુથ વિંગના ગાંધીનગર મહાનગરના કો-કન્વીનર તરીકેની નિમણુંક કરવામાં આવી તે બદલ શ્રીકેત ત્રિવેદી વિશ્વ ગુજરાતી સમાજનો આભાર માને છે.



# શ્યામલ-૨ એપાર્ટમેન્ટ સે-૨૨ ખાતે માર્શલ આર્ટસની તાલીમ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સેક્ટર-૨૨ ખાતે આનંદવાટીકા સોસાયટી, શ્યામલ-૨ એપાર્ટમેન્ટમાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી અને પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ મિલાપ ટાટારિઆ દ્વારા સોસાયટીનાં નાના બાળકોને માર્શલ આર્ટ્સની તાલીમ અપાઈ હતી સાથે ડ્રીલ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતુ કે, સુરક્ષા માટે કોઈના પર નિર્ભર રહેવાની જરૂર નથી. આત્મ સુરક્ષા એ જ સાચી સુરક્ષા છે. સ્વરક્ષણની તાલીમ તમારામાં આત્મવિશ્વાસ કેળવે છે.

# જે.બી.પ્રાથમિક શાળા દ્વારા રંગીન લોટમાંથી દીવડા બનાવવાની પ્રવૃતિ અને મટકી ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.પના વિદ્યાર્થીઓ માટે રંગીન લોટમાંથી વિવિધ આકારના દિવડા બનાવવાની પ્રવૃતિ તથા ધો.૮માં મટકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રંગીન લોટમાંથી વિવિધ આકારના સુંદર દીવડા બનાવ્યા હતા અને મટકીઓને અલગ અલગ વસ્તુઓ સાથે ડેકોરેશન કર્યું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સરસ્વતી વિદ્યાલયમાં રમતોત્સવ ઉજવાયો



સરસ્વતી વિદ્યાલયમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ માટે આઉટડોર અને ઈનડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ખો ખો, કબડ્ડી, સંગીત-ખુરશી, ચેસ, દોડ જેવી રમતો વિદ્યાર્થીઓને રમાડવામાં આવી હતી. રમતોમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય અને શાળાના શિક્ષકો તરફથી પ્રોત્સાહન સ્વરૂપ ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ. વિજેતા ન બનેલા વિદ્યાર્થીઓને તેઓની ખેલદિલી બદલ અને રમતોમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# નવરાત્રી મહોત્સવ નિમિતે આરતી સુશોભન હરીફાઈ

ગાંધીનગર, તા.૨૩

ઉમિયા માતાજી સંસ્થાન ખાતે નવરાત્રી દરમ્યાન નવમા નોરતાના દિવસે તા ૦૪, ઓકટોબરના રોજ આરતી શુસોભનની હરીફાઈ રાખવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતી બહેનોએ પોતાના ઘરેથી સુંદર રીતે આરતી શુસોભન કરી તા. ૪ના રોજ મોડામાં મોડા રાત્રે ૮.૧૫ સુધી ઉમિયા સંસ્થાન ખાતે લઈને આવવાનું રહેશે.

શુશોભન થઈ આવેલ આરતીઓ પૈકી જેઓની આરતીનું શુસોભન સારું હશે તેવી પ્રથમ ત્રણ આરતી નિર્ણાયકો દ્વારા વિજેતા તરીકે તારવી ૧,૨ અને ૩ નંબર આપવામાં આવશે. નંબર પ્રમાણે વિજેતા થયેલ આરતી શુશોભનની બહેનોને યોગ્ય ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. આરતી નોધાવા માટે સુધાબેન એ પટેલને ફોન નં.૯૭૧૨૫ ૪૭૧૭૧ ઉપર કરવો.

## મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા નાસ્તાનું વિતરણ

ભાદરવા વદમાં શ્રાધ્ધ પર્વમાં મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/ સીના મધુબેન કે.કડીકર અને મંડળની બહેનો પ્રફુલાબેન ભાવસાર, ઉર્મિલાબેન ચૌહાણ, જશોદાબેન તેમજ અન્યના સાથ સહકારથી એચઆઈવી પોઝિટિવ બાળકોને વેજીટેબલ સેન્ડવીચનો નાસ્તો આપવામાં આવ્યો હતો. પ્રાર્થના સાથે બાળકોને ગરમા ગરમ નાસ્તો વિતરણ કરવામાં આવ્યો હતો.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ગરબાનુ આયોજન

અખિલ ભારતીય સા. સ્વા. સંઘ ગાંધીનગર જિલ્લા શાખાનાં ફરતાં ગરબાનો કાર્યક્રમ બીજા નોરતે તા.૨૭ને મંગળવારના રોજ બપોરના ૨.૩૦ કલાકે બલરામ મંદિરના હોલમાં રાખવામાં આવેલ છે. તો તમામ મેમ્બર બેનોને ગરબામાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ પાઠવ્યુ હતુ. વર્ષ-૨૨-૨૩નું મેમ્બર કાર્ડ સાથે લાવવુ ફરજીયાત રહેશે.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓએ સંસ્કરણ તાલીમ મેળવી

ગાંધીનગર, તા.૨૩

તા.૨૧ અને ૨૨ના રોજ પ્રસારણ વન વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજિત બે દિવસીય સંસ્કરણ તાલીમ કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, વાસણના અંદાજીત ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને બે અધ્યાપકો ડો.મિતાલી શ્રીમાંકર અને ડો.કિંજલ સોલંકી તથા નૈતિક ગોહિલે ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પહેલા દિવસે વન્ય જીવ વેપાર સબંધિત ગુનાઓ, પર્યાવરણની આવશ્યકતા, ગ્લોબલ વોર્મીંગ અને તેની અસરો અને બીજા દિવસે ક્ષેત્રીય પ્રવાસ કર્યો હતો અને વિવિધ ઔષધિય વનસ્પતિઓની માહિતી મેળવી હતી.

# માતૃવંદના નવરાત્રી ગરબા મહોત્સવ

ગાંધીનગર, ૨૩

માતૃવંદના મહિલા મંડળે આ વર્ષે પણ માતૃવંદના ચોક પ્લોટ નં. ૧૭૯/૨, સેકટર-૧૪ સામેના કોમન પ્લોટમાં જગદમ્બા માં અંબેના ગરબા અને અન્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે. જે માટે નવરાત્રિ સમીતી અને યુવા સંગઠનની રચના પણ કરવામાં આવી છે.

નારીશક્તિ જળ એ જ જીવન, રક્તદાન-મહાદાન, વ્યસનમુક્તિ જેવા કાર્યમાં જોડાઈ સાચા અર્થમાં માતાજીની ભક્તિ કરીશું તો ગરબાનો અનેરો આનંદ આવશે એમ ઉષાબેન એમ ચૌહાણ અને મીનાબેન ગઢવીએ જણાવેલ છે. પ્રવિણભાઈ રામી તથા કાંતિભાઈ પટેલે વૃક્ષો ઉછેરી જતન કરેલ. વૃક્ષ પ્રેમી તરીકે પર્યાવરણ પ્રેમી તરીકે તથા નિમેષ ચૌહાણનું રકતદાતા તરીકે સન્માન કરવામાં આવશે.

# ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.પ્રજાપતિ દિલીપકુમાર ગાંડાલાલ ઉ.વ.૫૧, સેકટર-૩૦
- સ્વ.શાહ રાધેશ્યામ હરગોવનદાસ ઉ.વ.૮૧, રૂપાલ
- સ્વ.ઠાકોર કાન્તીજી ગલાજી ઉ.વ.૫૮, સાંપા દહેગામ

# જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક
કલરવ, કલા ગુર્જરી, શિવરંજની સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**શીતલ સતિષજી ઠાકોર**



**સિદ્ધિ સતિષજી ઠાકોર**



**સાહિલ પટેલ**
રાધે-રાધે પરિવાર, ગાંધીનગર



**જીતુ મેઘવાલ**
મો. ૮૪૦૧૦ ૮૯૩૧૨



**શોભનાબેન જી ઓઝા**



**સોલંકી સમર્થ પંકજભાઈ**



**બિન્દુબેન મારવાડી**